## પુસ્તક અવકાશની સફરેનું આગેવાનો દ્વારા વિમોચન

# પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર DSC ભરૂચ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો

## ઈકોસિસ્ટમ આધારિત ચિત્ર પ્રદર્શન અને સેલ્ફીઝોન આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યાં

| ભરૂચ |

ગુજકોસ્ટ, ગાંધીનગર સંલગ્ન પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર ડીએસસી, ભરૂચ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૦૨૨ની ઉજવણી અંતર્ગત સાયન્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિવાસી અધિક કલેકટર જે.ડી.પટેલ, અતિથિ વિશેષ વિતલભાઈ પટેલ, નગરપાલિકા ભરૂચ પ્રમુખ અમિત ચાવડા, ઈ.આઈ. નિશાંત દવે, દિનેશભાઈ પંડયા ઉપસ્થિત રહી પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરા પાડયા હતા.

કાર્યક્રમની શરૂઆત વૈજ્ઞાનિક રીતે દીપ પ્રાગટય અને વિજ્ઞાન ચાલીસા દ્વારા થઈ. આ પ્રસંગે ધ કરમાડ સાર્વજનિક હાઈસ્કુલના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ઉસ્માનભાઈ પટેલ રચિત પરમની પરબ, વિજ્ઞાનમય કાવ્યસરિતા અને સત્યમ કોલેજ ઓફ એજયુકેશન, ભરૂચના બી.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા સંકલન કરવામાં આવેલ પુસ્તક અવકાશની સફરેનું વિમોચન કરવામાં આવ્યુ હતુ. સાયન્સ કાર્નિવલમાં વિવિધ સ્પર્ધા જેવી કે



ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન, ટીએલએમ પ્રદર્શન, જાતે પ્રયોગ કરો સ્પર્ધા, ઓરીગામી વર્કશોપ, સાયન્સ મોડેલ મેકિંગ વર્કશોપ, ચિત્ર સ્પર્ધા, પીપીટી પ્રેઝન્ટેશન સ્પર્ધા વિગેરે મુખ્ય હતા. આ પ્રસંગે ચિત્ર શિક્ષક મહેશભાઈ દ્વારા તૈયાર કરેલ ઈકોસિસ્ટમ આધારિત ચિત્ર પ્રદર્શન હતુ અને સેલ્ફીઝોન આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યા હતા.

---


ડિજિટલ યુગ

Date.3-3-2022 Thuresday

તા.૩-૩-૨૦૨૨ ગુરુવાર

તંત્રી: ભટ્ટી સદામભાઈ બસીરભાઈ

દૈનિક 4

DIGITAL YUG (DAILY) BHARUCH


# ભરૂચ પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર - DSC, રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૦૨૨ ની ઉજવણી

● ભરૂચ, તા.૨

ગુજકોસ્ટ, ગાંધીનગર સંલગ્ન પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર - ડીએસ. ભરૂચ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૦૨૨ ની ઉજવણી અંતર્ગત સાયન્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિવાસી અધિક કલેક્ટરશ્રી જે. ડી.પટેલ, અતિથિવિશેષ શ્રી વિતલભાઈ પટેલ, નગરપાલિકા ભરૂચ પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડ, ઈ.). શ્રી નિશાંત દવે, શ્રી દિનેશભાઈ પંડ્યા ઉપસ્થિત રહી પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરા પાડ્યા હતા.




કાર્યક્રમની શરૂઆત વૈજ્ઞાનિક રીતે દીપપ્રાગટ્ય(ગ્લીસરીન અને વિજ્ઞાન ચાલીસા દ્વારા થઈ. આ પ્રસંગે ધ કરમાડ સાર્વજનિક હાઈસ્કૂલના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડી શ્રી ઉસ્માનભાઈ પટેલ રચિત પરમ ની પરબ, વિજ્ઞાનમય કાવ્યસરિતા અને સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચના બી.એડ. ના તાલીમાર્થીઓ દ્વારા સંકલન કરવામાં આવેલ પુસ્તક "અવકાશની સફરે" નું વિમોચન કરવામાં આવ્યું.

સાયન્સ કાર્નિવલમાં વિવિધ સ્પર્ધા જેવી કે ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન, ટીએલએમ પ્રદર્શન, જાતે પ્રયોગ કરો સ્પર્ધા, ઓરીગામી વર્કશોપ, સાયન્સ મોડેલ મેકિંગ વર્કશોપ, ચિત્ર સ્પર્ધા," પ્રેઝન્ટેશન સ્પર્ધા વિગેરે મુખ્ય હતા. આ પ્રસંગે ચિત્ર શિક્ષક શ્રી મહેશભાઈ દ્વારા તૈયાર કરેલ ચિત્રપ્રદર્શન હતું અને સેલ્ફીઝોન આકર્ષણનું મુખ્ય કેન્દ્ર રહ્યા હતા. ecosystem આધારિત

કાર્નિવલમાં પોપ્યુલર લેકચર સીરિઝ અંતર્ગત UPL university ના પ્રિન્સિપાલ ડૉ. સ્નેહલ લોખંડવાલાએ વ્યાખ્યાન આપી વિજ્ઞાનના વિવિધ પાસાઓની સફર કરાવી હતી. સમગ્ર કાર્યક્રમ માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન ચેરમેન કિર્તિબેન જોશીએ પુરા પાડ્યા હતા. સંચાલન અને આયોજન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો- ઓર્ડિનેટર કેશા પ્રજાપતિ અને NCSC કો-ઓર્ડિનેટર ડૉ. નિલેષ ઉપાધ્યાયએ કર્યું હતું.



## રાષ્ટ્રીય મતદાર જાગૃતિ સ્પર્ધા અંતર્ગત તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ ભરૂચ જિલ્લાના નવ સ્થળોએ પોસ્ટર મેકીંગ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાશે

કરવામાં આવેલ છે. આ રાષ્ટ્રીય મતદાર જાગૃતિ સ્પર્ધા અંતર્ગત તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ ૧૧:૩૦ કલાકે (૧) એચ.એચ.શાહ હાઈસ્કુલ, જંબુસર (૨) બી.આર. સી.ભવન, આમોદ (૩) શ્રીમતી મીનાબેન પુરોહિત (ઓચ્છણ), વાગરા (૪) જન શિક્ષણ સંસ્થાન હેડ ક્વાર્ટર ભરૂચ સીટી (૫) સરકારી વિનયન કોલેજ, રાજપુરા, ઝઘડિયા (૬) શ્રી રંગ નવચેતન હાઈસ્કુલ, વાલિયા (૭) નુતન ગ્રામ વિદ્યાપીઠ, બી.આર.એસ.કોલેજ, નેત્રંગ (૮) શ્રીમતી ઈલાબેન પટેલ રામ કિષ્ણા વિવેકાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ જી.ઈ.ડી.સી. અંકેશ્વર (૯) ક્ર. ક્ર. આ. હોસ્પિટલ, હાંસોટ ખાતે પોસ્ટર મેકીંગ સ્પર્ધાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે એમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ભરૂચે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

### ભરૂચ જિલ્લાના તમામ બાગાયતી ખેતી કરતા ખેડૂતો જોગ સંદેશ

ભરૂચ જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતોને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતા દ્વારા અમલમાં આવતી વિવિધ યોજનાઓ જેવી કે, ફળપાક વાવેતર, સરગવાની ખેતી, પપૈયા, ટીસ્યુ કેળ, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરો, નાની નર્સરી, ટુલ્સ ઈક્વીપમેન્ટ, શોર્ટીંગ ગ્રેડીંગના સાધનો વજનકાંટો, પેકીંગ મટીરીયલ, ટ્રેક્ટર (૨૦ પી.ટી.ઓ. સુધી). પાવર ટીલર, પાવર સંચાલિત બાગાયત મશીનરી, શાકભાજી પાકોમાં હાઈબ્રીડ બિયારણ, વેલાવાળા શાકભાજી પાકોમાં ટ્રેલીઝ- મંડપ, ફૂલપાકોના વાવેતર, ઔષધિય અને સુગંધિત પાકો, પ્લગ નર્સરી, પ્લાસ્ટીક મલ્ચિંગ, ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકા, પેકહાઉસ, કોલ્ડ રૂમ, મીનીમલ પ્રોસેસીંગ યુનિટ, રીફરવાન, સ્વયં કોલ્ડ સ્ટોરેજ, રાઈપનીંગ ચેમ્બર, ગ્રીનહાઉસ, નેટહાઉસ, ગ્રીન હાઉસમાં ઉગાડવામાં આવતા અતિમૂલ્યવાન ફૂલ અને શાકભાજી પાકો જેવા વિવિધ ઘટકોમાં સહાય મેળવવા માંગતા ખેડૂતોએ આઈ - ખેડૂત પોર્ટલ તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધી ખુલ્લુ મૂકાયેલ છે. જે ખેડૂતમિત્રો ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન બાગાયત ખાતાની યોજનાઓનો લાભ લેવા માંગતા હોય, તેઓએ ikhedut.gujarat.gov.in વેબસાઈટ પર પોતાના ગામના ઈ ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટ ઉપરથી અથવા અત્રેની કચેરીમાં સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન ૭/૧૨, ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ, જાતિનો દાખલો, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ અને નેશનલાઈઝ બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને સહાયનો લાભ લેવા માંગતા ઘટકમાં સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની પ્રીંટ ઉપર જણાવેલ સાધનિક કાગળો સાથે દિન ૭માં નાયબ બાગાયત નિયામકની કચેરી, ગુજરાત ગેસ કંપનીની સામે, સોન તલાવડી, ભોલાવ ભરૂચ (ફોન નં: ૦૨૬૪૨-૨૬૩૮૫૦) ખાતે અચૂક જમા કરાવવા નાયબ બાગાયત નિયામક, ભરૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભરૂચ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સાયન્સ કાર્નિવલનું આયોજન

ભરૂચ : વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા પ્રતિવર્ષ તા. ૨૮ ફેબ્રુઆરીએ મહાન વૈજ્ઞાનિક સી. વી. રામનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરીએ સાયન્સ કાર્નિવલ- ૨૦૨૨ યોજેલ છે. જેમાં ભરૂચ શહેર અને જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના તેમજ કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વિવિધ સ્પર્ધાઓ, વર્કશોપ અને વિજ્ઞાન મેળો વગેરે કાર્યક્રમો રહેશે. આ કાર્નિવલનો શુભારંભ તા. ૨૮ ફેબ્રુઆરીએ સવારે ૧૦ કલાકે સંસદ સભ્ય મનસુખ વસાવા, કલેક્ટર તુષાર સુમેરા, નગર પાલિકાના પ્રમુખ અમીતભાઈ ચાવડા અને વિહિતા કેમ પ્રા.લિ. અંકલેશ્વરના એમ.ડી. વિતલ પટેલની ઉપસ્થિતિમાં થનાર છે.